## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હવે શું ફાયદો... ઘરમાં વિજળીનો દિવો થાય તેની રાહ જોતા જોતા બાપા ગુજરી ગયા... અને દિકરો ઝગમગતા વિદેશી શહેરમાં જતો રહ્યો...

# પેથાપુરમાં પંખે સાડી બાંધીને યુવાને ફાંસો ખાઈ લીધો

ગાંધીનગર, તા.૩

પેથાપુર ગામમાં મોટી શેરી ખાતે મકાનમાં રહેતા ૩૬ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે જ ગળે ફાંસો ખાઈ જીવન લીલા સંકેલી નાંખી હતી. ઘરે પોતાના રૂમમાં પંખે સાડી બાંધીને યુવાને કોઈ કારણોસર ફાંસો ખાઈ લીધો હતો. વહેલી સવારે પરિવારજનોનું ધ્યાન જતા પોલીસ બોલાવી લેવાઈ હતી. પેથાપુર પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

પેથાપુરના મોટી શેરી ખાતે રહેતા ૩૬ વર્ષીય શૈલેષસિંહ જવાનજી ડાભીએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે જ આપઘાત કરી લીધો હતો. શૈલષસિંહના પરિવારજનો આજે વહેલી સવારે ઉઠયા ત્યારે શૈલેષસિંહ તેમના રૂમમાં પંખે સાડી બાંધી ગળે ફાંસો ખાધેલી હાલતમાં હતા. પરિવારજનોના પગ તળેથી જમીન સરકી ગઈ હતી. સંબંધીએ પેથાપુર પોલીસને આ ઘટના અંગે જાણ કરતા હે. કોન્સ્ટેબલ ભાવીનભાઈ સ્થળ પર આવી પહોંચ્યા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી ઘટનાની ઊંડી તપાસ શરુ કરી છે. યુવાને કયા કારણોસર આપઘાત કરી લીધો તે બાબત હજુ બહાર આવી શકી નથી. જો કે પોલીસે પરિવારજનો અને પડોશીઓના નિવેદનો મેળવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

# અવસાન પામેલા સલામતી શાખાના જવાનોના પરિવારની મદદે આવ્યાં સહકર્મીઓ

### સચિવાલય સલામતી શાખાના સુરક્ષા જવાનોએ બે મૃતક સહકર્મીના પરિવારોને બે-બે લાખ રૂપિયાની આર્થિક મદદ કરી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં સચિવાલય ખાતે સલામતીની ફરજ બજાવતા સલામતી શાખાના કર્મચારીઓએ આજે અનોખી સંવેદનાની પ્રતિતિ કરાવી હતી. સલામતી શાખાના કર્મચારીઓએ તેમની સાથે ફરજ બજાવતા બે સહકર્મીઓના ચાલુ નોકરીએ એક માસ પૂર્વે થયેલા અવસાનને પગલે તેમના પરિવારને મદદરૂપ થવાના આશયથી ફાળો ઉઘરાવી બે-બે લાખ રૂપિયા આપ્યાં હતા.

સચિવાલય સલામતી શાખામાં ફરજ બજાવતા દિનેશ વરંડા અને દીપક કદમના એક મહિના પૂર્વે ચાલુ નોકરીએ અવસાન થવા પામ્યા હતા. આ બંને મૃતક સહકર્મીઓના પરિવાર



પર આવી પડેલ આપત્તિમાં સાચા સહકર્મીના નાતે મદદરૂપ થવાના આશયથી તમામ સલામતી કર્મચારીઓએ આર્થિક સહાય આપવાનું નક્કી કર્યુ હતુ અને તે માટે ચાર લાખ રૂપિયા એકઠા કર્યા હતા. જેમાંથી બંને મૃતક કર્મીઓના પરિવારને આજે બે-બે લાખ રૂપિયા આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે સલામતી શાખામાં ૩૯૦ સુરક્ષા જવાનો કાર્યરત છે. જેઓ વિધાનસભા સહિત સચિવાલયની સુરક્ષા વ્યવસ્થા સંભાળે છે. પોતાની સાથે ફરજ બજાવતા બંને મૃતક સહકર્મીઓને સરકારી સહાય મળશે ત્યારે મળશે પરંતુ તે પહેલા બંનેના પરિવારને આર્થિક ટેકો અને હૂંફ મળી રહે તે હેતુથી સલામતી શાખાના કર્મચારીઓએ જ મદદ કરતા સમગ્ર કર્મચારી આલમ પ્રસંશા વ્યક્ત કરી રહ્યો છે. હજુ સલામતી શાખાના અધિકારીઓએ બાકીની તમામને મદદ કરવાની તૈયારી પણ દર્શાવી છે.

## મહિલા કોન્સ્ટેબલ મિત્તલ પરમારે કુસ્તીમાં રાષ્ટ્રીય કક્ષાએ રજત ચંદ્રક જીત્યો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના પોલીસ હેડકવાટર્સ ખાતે મહિલા પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મિત્તલબેન કે. પરમારે રાષ્ટ્રીય કક્ષાએ કુશ્તીમાં સિલ્વર મેડલ



મેળવી ગાંધીનગર પોલીસનું નામ રોશન કર્યુ છે. મિત્તલબેન પરમારે પૂણે ખાતે યોજાયેલ ઑલ ઈન્ડિયા રેસલિંગ કોમ્પિટીશનમાં રજત ચંદ્રક હાંસલ કર્યો છે. મિત્તલબેનના ઉત્કૃષ્ઠ પ્રદર્શનને ગાંધીનગરના પોલીસ અધિકારીઓ તથા પોલીસ કર્મીઓ દ્વારા વધાવવામાં આવ્યું છે અને તેમના પર અભિનંદન વર્ષા થવા પામી રહી છે. તેમના આ યશસ્વી પ્રદર્શનને કારણે મહિલા પોલીસ કર્મીઓ સહિત સમગ્ર પોલીસ બેડામાં આનંદની લહેર પ્રસરવા પામી છે.

# ગુજરાત એકસ એમ.એલ.એ. કાઉન્સિલના હોદેદારોની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર ખાતે આજરોજ ગુજરાત એકસ એમ.એલ.એ.કાઉન્સિલના હોદેદારોની બેઠક વિધાનસભા સંકુલમાં આવેલ કાર્યાલયમાં મળી હતી.જેમાં એસટી બસ તેમજ વોલ્વોમાં બે સીટ રીઝર્વ રાખવી, પેન્શન, ડિપ્લોમેટ ઓળખકાર્ડ આપવા, રેલ્વેમાં ૨૦ હજાર કિ.મી.સુધીની રેલ્વે મુસાફરીનું ભાડુ પરત આપવું, સહિતના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે કાઉન્સિલના હોદેદારો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર વિધાનસભામાં આવેલ કાર્યાલય ખાતે યોજાયેલ એકસ એમએલએની બેઠકમાં ચેરમેન બાબુભાઈ શાહે જણાવ્યું હતું કે ભારતની લોકસભા - રાજયસભાના પૂર્વ સાંસદોને અપાતી પેન્શન સહિતની સવલતો આપવા સંબંધીતોને પત્ર લખવા તેમજ રૂબરુ મળવા જવાનું તે ઉપરાંત પૂર્વ ધારાસભ્યોને બસ તેમજ વોલ્વોમાં બે સીટ રીઝર્વ રાખવા કરાયેલા ઠરાવને અમલ કરવા રજુઆત કરાશે. એકસ એમએલએને ડીપ્લોમેટ ઓળખકાર્ડ આપવા બદલ રાજય સરકારનો આભાર વ્યકત કર્યો હતો. જયારે પૂર્વ ધારાસભ્યોને ૨૦ હજાર કિ.મી.ની રેલ્વે મુસાફરીનું ભાડું પરત આપવા તેમજ વર્ષમાં ૩ વાર હવાઈ મુસાફરી ઉપરાંત સરકીટ હાઉસ અને વિશ્રામ ગૃહમાં રહેવા જમવાની સગવડમાં વર્તમાન ધારાસભ્યોના ધોરણે જ છુટછાટ આપવામાં આવે તે માટે માંગણી કરવામાં આવશે.

ગુજરાત રાજયના અંદાજીત ૧૨૦૦ જેટલા પૂર્વ ધારાસભ્યોને પેન્શન આપવા સહિતની વર્ષોથી પડતર માંગણીઓ અંગે મુખ્યમંત્રીને મળી રજુઆત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં આરોગ્યલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરવા સાથે પૂર્વ ધારાસભ્યોને જરૂરી સેવા-સગવડો પુરી પાડવા તેમજ ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ દ્વારા મુખ્યમંત્રીને કરાયેલી રજુઆતનો ઝડપી અમલી કરવા રજુઆત કરાશે. આ પ્રસંગે સત્તાધારી પક્ષ ભાજપ અને વિરોધ પક્ષ કોંગ્રેસના પ્રમુખ-નેતાની પણ શુભેચ્છા મુલાકાત લેવામાં આવશે.

## રિલાયન્સ નેવલ કંપનીના શોષણ સામે ધારાસભ્ય અમરીશ ડેર ગાંધીનગરમાં ધરણા કરશે

ગાંધીનગર, તા. ૩

રાજુલા સ્થિત રિલાયન્સ નેવલ કંપની દ્વારા લાબા સમયથી થતા શોષણની વિરૂદ્ધમાં ધારાસભ્ય અમરીશ ડેર ગાંધીનગર સત્યાગ્રહ છાવણીમાં બે દિવસ ધરણા કરશે જે આંદોલનને સ્થાનિક ભાજપ-કોંગ્રેસનું સમર્થન મળી રહ્યું છે.

અમરેલી જિલ્લાના રાજુલા ખાતે આવેલી રિલાયન્સ નેવલ કંપની દ્વારા વર્ષોથી કોન્ટ્રાકટરો કામદારો અને વેપારીઓ જેવા નાના માણસોના પરસેવાના ૧૦૦ કરોડથી પણ વધારે પૈસાનું ચુકવણુ ના કરી ખુલ્લેઆમ શોષણ થઈ રહ્યુ છે ત્યારે કંપનીના આ શોષણની વિરૂદ્ધ રાજુલા ખાતે છેલ્લા ૫૦ દિવસથી આંદોલનકારી પ્રવણ રામની આગેવાનીમાં ધરણા પ્રદર્શન ચાલી રહ્યાં છે. આ ધરણામાં સાંસદ સભ્ય નારણભાઈ કાછડીયા તેમજ ધારાસભ્ય અમરીશ ડેરે હાજરી આપી આ લડતને સમર્થન આપ્યું હતું.

હાલ રાજુલાના ધારાસભ્ય અમરીશ ડેર આ મુદ્દાને લઈ મેદાનમાં આવી ગયા છે અને રિલાયન્સ નેવલ કંપની વિરૂદ્ધમાં ગાંધીનગર ખાતે આગામી ૭મી અને ૮મી મે ૨૦૧૮ના રોજ સેકટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે બે દિવસ ધરણા કરશે.

**રક્તદાન મહાદાન**

# પારૂલ એસ ફાઉન્ડેશનના વાર્ષિક દિને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩

પારૂલ એસ ફાઉન્ડેશન ગાંધીનગરના બીજા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે તાજેતરમાં સેકટર-૧૨ સ્થિત ડો.બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગીત-સંગીતની સાથે સાંસ્કૃતિ કાર્યક્રમ પણ બાળકોએ રજુ કર્યો હતો.

સેકટર-૧૨ ખાતે પારૂલ એસ ફાઉન્ડેશનના આયોજીત કાર્યક્રમમાં લોક સુરક્ષા દલના ગુજરાતના વાઈસ પ્રેસીડેન્ટ આદિલખાન પઠાણ ખાસ હાજર રહ્યા હતા.જયારે અન્ય મહાનુભાવોમાં એમ.ડી.ખેડુવોરા(અગ્ર રહસ્ય સચિવ રાજભવન), ચંદ્રેશ એસ રાજપાલ(જોઈન્ટ કમિશનરશ્રી જોઈન્ટ સેક્રેટરી), અરવિંદભાઈ ચાંપાનેરીયા(ચેરમેન આરાધના ફાઉન્ડેશન), દિપ્તીબેન પટેલ (રાજય સહકારી સંઘ),યુસુફભાઈ વારૈયા ( અલ્પ સંખ્યક નાણા નિગમ),ના હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો.જયારે આમંત્રિત મહેમાનોને શાલ તેમજ પુષ્પગુંચ્છથી સન્માન કરવામાં આવ્યું હતું. જયારે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે બીજા વર્ષમાં મંગલ પ્રવેશ પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો



પ્રારંભ ગણેશ વંદના નવદિપ ગ્રુપ દ્વારા કરાઈ હતી. ત્યારબાદ દહેગામના સોલંકી પુરા શાળાની વિદ્યાર્થીનીઓએ બેટી બચાવો બેટી વધાવો થીમ પર સુંદર નાટક રજુ કર્યુ હતુ. જયારે બોરીજ શાળાની બાળાઓએ ઉડી-ઉડી ગીત પર ડાન્સ રજુ કર્યો હતો. ત્રણેય ટીમને ફાઉન્ડેશન વતી પ્રોત્સાહીત ઈનામ આપવામાં આવ્યા હતા. જયારે સરગમ ગ્રુપ દ્વારા હીન્દી ફિલ્મના જુના-નવા ગીતો રજુ કરાયા હતા. ફાઉન્ડેશનના પ્રમુખ સંજય ડોડીયાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. જયારે કાર્યક્રમને સફળ બનાવવા માટે નીક ડોડીયા, રણજીત સિંહ ચૌહાણ સહિતના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની આભારવિધી નટવરસિંહ ચૌહાણે કરી હતી.

# ટીવી સિરિયલ્સ-એડ ક્ષેત્રે ગાંધીનગરનું ગુંજતુ નામ એટલે વૃતાંશ ઉપાધ્યાય

### અનેક ટીવી સિરિયલ-કોમર્શિયલ એડ તેમજ ડોક્યુમેન્ટ્રીઝમાં ચમકી ચુકેલો વૃતાંશ હાલ સોની ટીવી પર 'મેરે સાંઈ'માં દેખાઈ રહ્યો છે : રૂપા ફ્રન્ટલાઈનની એડમાં રણવીરસિંહ સાથે પણ ચમકી ચુક્યો છે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર ગુજરાત રાજ્યનું રાજકીય પાટનગર છે એટલે અહીં સ્વાભાવિક રીતે જ રાજકીય ગતિવિધિ વધુ પ્રમાણમાં રહે છે જેના



કારણે આ શહેરને અનેક પ્રકારના કટાક્ષના ભોગ બનવું પડે છે. જો કે ગાંધીનગર શહેરે કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ હવે ઘણું કાઠુ કાઢ્યું છે. શહેરના બાળકોથી માંડીને વરિષ્ઠ નાગરિકો પણ વિવિધ કલા જેવી કે અભિનય, સંગીત, નૃત્ય વગેરેમાં નામના મેળવી રહ્યાં છે. આવી જ એક ગાંધીનગરની બાળ પ્રતિભા અભિનયક્ષેત્રે ટેલીવિઝનમાં ધુમ મચાવી રહી છે, તે છે સોની ટીવી પર ચાલતી 'મેરે સાંઈ' સિરિયલમાં 'મન્નુ'નું પાત્ર ભજવી રહેલો ૧૨ વર્ષીય વૃતાંશ ઉપાધ્યાય.

વૃતાંશ ઉપાધ્યાય ૨૦૧૫ થી અભિનયક્ષેત્રે આરંભ બાદ હવે એક જાણીતુ નામ બની ચુક્યો છે અને તેણે અત્યાર સુધીમાં અનેક ટીવી એડ અને સિરિયલ્સ કરી છે આ સાથે તેણે મરાઠી ફિલ્મમાં ડાન્સગુરૂ ગણેશ આચાર્ય સાથે ડાન્સ કર્યો છે અને સંજયદત્ત અભિનિત ફિલ્મ 'ચોરબાઝ'માં પણ નાની ભૂમિકા ભજવી છે. વૃતાંશ અત્યારના સૌથી વધુ હોટ સ્ટાર ગણાતા રણવીરસિંહ સાથે રૂપા ફ્રન્ટલાઈનની કોમર્શિયલ એડમાં પણ ચમકી ચુક્યો છે. આ ઉપરાંત વૃતાંશે કેટલિક ડૉક્યુમેન્ટરી ફિલ્મ્સ અને સરકારી એડમાં પણ કામ કર્યુ છે. વૃતાંશે લાલ બહાદુર શાસ્ત્રી આધારિત ડૉક્યુમેન્ટરીમાં પણ કામ કર્યુ છે.

વૃતાંશ ઉપાધ્યાય હાલ તો બે-અઢી વર્ષથી મુંબઈના મીરાં રોડ વિસ્તારમાં રહે છે અને પી.જી. વોરા સ્કૂલમાં અભ્યાસ કરે છે. વૃતાંશના પિતા ગોપાલ ઉપાધ્યાય ખાનગી કંપનીમાં ઈન્ટિરીઅર ડિઝાઈનીંગની જોબ કરે છે જ્યારે માતા સંચયિતા ઉપાધ્યાય ગૃહિણી હોવા સાથે વૃતાંશના તમામ શુટિંગ શિડ્યુલમાં સાથે રહી તેનું ધ્યાન રાખે છે. અગાઉ વૃતાંશ ન્યુ ગાંધીનગરના કુડાસણા વિસ્તારમાં રહેતો હતો અને સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતો હતો. સ્કૂલ સમયથી જ તે ડાન્સ તથા સ્ટેજ એક્ટિવીટીઝમાં અગ્રેસર હતો અને તે ખૂબ જ સોહામણો દેખાતો હોવાથી તેને મોડેલિંગ-એક્ટિંગની ઓફરો મળતી હતી. આ બાબતે વૃતાંશના માતા-પિતાએ તેને પુરો



સપોર્ટ આપી મુંબઈમાં અનેક ઓડિસન્સ અપાવ્યા હતા. સૌપ્રથમ વૃતાંશે નિકલોડિયન પ્રોમોમાં કામ કર્યુ હતુ ત્યાર બાદ કલર્સ ટીવી પર 'ઉડાન', ઝી ટીવી પર 'જમાઈ રાજા' અને 'ભુતુ', સ્ટાર ભારત પર 'સાવધાન ઈન્ડિયાના 'વર્દી', 'બ્લ્યુ વ્હેલ ગેમ' વગેરે, બીગ મેઝીક ટીવી 'એક લવ્ય', લાઈફ ઓકે પર 'શેર-એ-પંજાબ મહારાજા રણજીતસિંહ', ઝી જીંદગી પર 'ખ્વાબો કી જમી પર'માં રામ તથા સોની પર 'ક્રાઈમ પેટ્રોલ' વગેરેમાં કામ કર્યુ છે. તેણે વીવો આઈપીએલ એટેક્સ, ડિઝની ચેનલ પ્રોમો તથા સિપ્લા ઈન્હેલર જેવી એડ ફિલ્મો પણ કરી છે. આજે વૃતાંશ ઘર ઘરનો જાણીતો ચહેરો બની ચુક્યો છે અને ગાંધીનગરનું નામ રોશન કરી રહ્યો છે.

### દિકરાની કારકિર્દી માટે મુંબઈ શીફ્ટ થયાં

વૃતાંશના પિતા ગોપાલ ઉપાધ્યાયે માત્ર પોતાના દિકરાની કારકિર્દી માટે પોતાને મુંબઈમાં કોઈ જ ઓળખતુ ના હોવા છતાં ત્યાં શીફ્ટ થવાનો નિર્ણય લીધો હતો. તેમણે અહીં પોતાનો વ્યવસાય સમેટી મુંબઈમાં ખાનગી કંપનીમાં જોબ સ્વીકારી છે અને છેલ્લા બે-અઢી વર્ષથી મીરા રોડ વિસ્તારમાં વસવાટ કરી રહ્યાં છે. અહીં વૃતાંશે અભિનયની કોઈપણ પદ્ધતિસરની તાલીમ વગર જ તેની કારકિર્દી ઘડી છે.

# ગાંધીનગર તાલુકાના ગિયોડ અંબાજી મંદિરે કલ્યાણ કિસાન મહોત્સવ યોજાયો

ચિલોડા, તા. ૩

ગ્રામસ્વરાજ અભિયાનની ઉજવણી અંતર્ગત જિલ્લા વહીવટીતંત્ર ગાંધીનગર દ્વારા ખેડૂતોની આવક બમણી કરવા અંગે કિસાન કલ્યાણ મહોત્સવ-




૨૦૧૮ ગાંધીનગર તાલુકાના દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાની ઉપસ્થિતિમાં દિપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. આ મહોત્સવ પ્રસંગે પશુપાલન, કૃષિ ઉત્પાદન માટે ટપક સિંચાઈ પદ્ધતિ, ખેતતલાવડી, પોષણક્ષમ ભાવ માટે બજાર વ્યવસ્થા, આધુનિક ખેતી પદ્ધતિ, સરકાર દ્વારા ટેકાના ભાવે ઉત્પાદન ખરીદી કેન્દ્રો, કિસાનલક્ષી મત્વના નિર્ણયો ખેડૂતો સાથે કૃષિ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન, ખેડૂતલક્ષી વિવિધ યોજનાઓ વગેરે કૃષિ તજજ્ઞો દ્વારા પશુપાલન, બાગાયત અને કૃષિ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતની આવક બમણી કરવાનું અભિયાન આદર્યુ છે. ગામે ગામ તળાવો ઊંડા કરીને જળસંચય દ્વારા પાણીનો સંગ્રહ કરવા સરકાર કટીબદ્ધતા વ્યક્ત કરી રહી છે. આ મહોત્સવ પ્રસંગે જિલ્લા રજીસ્ટાર શ્વેતાબેન, તાલુકા પંચાયતના પ્રમુખ શોભનાબેન વાઘેલા, મહામંત્રી આઈ. બી. વાઘેલા, ભાજપના અગ્રણી હિતેશભાઈ પટેલ, દિલિપભાઈ પટેલ, નાથુભાઈ ચૌધરી, સહકારી આગેવાન કોદરભાઈ પટેલ, ખેતી વિભાગના તજજ્ઞો સહિત ગિયોડ ગામના આજુબાજુના ખેડૂત ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ત્રીજો પદવીદાન સમારોહ યોજાયો

શિક્ષણ જ્ઞાનની સાથે સંવેદના આપવાનું પણ માધ્યમ છે તેમ રાજ્યપાલ ઓ.પી. કોહલીએ જણાવ્યું છે. આજે ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે ત્રીજા પદવીદાન સમારોહમાં રાજ્યપાલશ્રીએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યુ કે, જ્યાં સુધી સમાજમાં મનુષ્યના મુલ્યોની પ્રગતિ જોઈ નહી શકાય ત્યાં સુધી માત્ર આર્થિક વિકાસના માપદંડને કેન્દ્રમાં રાખીને આપણે પ્રગતિ કરી છે તેમ માનવું ભૂલ ભરેલું ગણાશે.

## ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ પદે ચેલાભાઈ પટેલ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની સામાન્ય બેઠક ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ મણીલાલ સુથારના અધ્યક્ષપદે યોજાઈ હતી.

બેઠકના પ્રારંભે ગાંધીનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ ચેલાભાઈ પટેલે સ્વાગત પ્રવચન અને પરિચય આપ્યો હતો. શરૂઆતમાં મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડી તેમજ ૧૧૪ જેટલા ૭૦ વર્ષના વયસ્કોનું પણ શાલ અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. બેઠકમાં ભોજન-શાલના દાતા નટવરભાઈ પટેલનું સન્માનપત્ર, મોમેન્ટો તેમજ શાલથી સન્માન ચેલાભાઈ પટેલ, લાલજીભાઈ પટેલ, ગુણવંતભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લા પેન્શનર મંડળના પ્રમુખ કે.બી. વ્યાસ દ્વારા પેન્શનરોને માર્ગદર્શન આપી જનરલ અધિવેશન તેમજ સરકારમાં ચાલતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં નવા વર્ષના પ્રમુખ તરીકે ચેલાભાઈ પટેલ અને મહામંત્રી તરીકે ગુણવંત પટેલ સહિત ૪૨ કારોબારી સભ્યોની રચના કરવામાં આવી હતી. ગુજરાત રાજય નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ મણીલાલ સુથારે વિવિધ પડતર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરી હતી.

**જાહેર નિવિદા**

**ટેન્ડર નં. જેડા/મેનપાવર/૨૦૧૮-૧૯/૦૧**

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) દ્વારા મેનપાવર આઉટસોર્સિંગ ધોરણે પુરી પાડવા માટે રસ ધરાવતી તેમજ નિયત લાયકાત ધરાવતી એજન્સીઓ પાસેથી ઈ-ટેન્ડર મંગાવવામાં આવે છે. આ માટેનું ટેન્ડર ડૉક્યુમેન્ટ કચેરીની વેબસાઈટ http://geda.nprocure.com અથવા www.nprocure.com પરથી તા. ૫/૫/૨૦૧૮ થી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડર ડૉક્યુમેન્ટ ઓનલાઈન રજૂ કરવાની (ઈ-સબમીશનની) છેલ્લી તા. ૨૫/૫/૨૦૧૮ના બપોરે ૩-૦૦ સુધી છે. કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણ જણાવ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર નિયામકશ્રી, જેડાને રહેશે.

GEDA

નિયામકશ્રી,
**ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા)**
(ક્લાઈમેટ ચેન્જ વિભાગ, ગુજરાત સરકાર)
બ્લોક નં.૧૧-૧૨, ઉદ્યોગભવન, ચોથો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૭ ફોન : ૦૭૯-૨૩૨૫૭૨૫૧-૫૭,
ઈ-મેઈલ : director@geda.org.in
વેબસાઈટ : www.geda.gujarat.gov.in

માહિતી/૨૭૨/૧૮-૧૯

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૮-૧૯**

નાયબ કાર્યપાલક ઈજનેર ગાંધીનગર જિલ્લા પેટા વિભાગ, ગાંધીનગર પા.યો. ભવન, સેક્ટર-૧૬, બીજો માળ, ગાંધીનગર (ટે.નં. ૦૭૯-૨૩૨-૫૯૨૧૫)ની કચેરીએથી પ્રોવાઈડીંગ એન્ડ ફીક્સીંગ પાવર્ડ સોલર રોડ સ્ટડ વર્ક ફોર વેરીયસ રોડ્સ ઈન માણસા તાલુકા ઈન ડિસ્ટ-ગાંધીનગર જેની અંદાજીત કિંમત રૂ. ૨.૯૯ લાખની છે. તો સદરહુ કામ માટે ઈ-૨ વર્ગ અને ઉપરની શ્રેણીના અનુભવી ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડરના દસ્તાવેજો તથા શરતો અમારી વેબસાઈટ ્.હિહ્ન.હૅષ્ઠિૈ.ર્ષ્ઠ ઉપરથી તા. ૧૧/૫/૨૦૧૮ના ૧૬.૦૦ કલાક સુધી જોવા તેમજ અપલોડ કરી ભરી શકાશે. શક્ય હશે તો તા. ૧૧/૫/૨૦૧૮ના રોજ ૧૭.૦૦ કલાકે ટેન્ડર ઓનલાઈન ખોલવામાં આવશે.

ટેન્ડર ફીનો ડી.ડી., બાનાની રકમની એફ.ડી.આર. અને જરૂરી યોગ્યતા અંગેના ડૉક્યુમેન્ટ ઓનલાઈન મુકેલ ટેન્ડરમાં જણાવ્યા મુજબ ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં (સ્કેન કરીને) ટેન્ડર સાથે અચુક અપલોડીંગ કરવાના રહેશે. તેમજ આ ડૉક્યુમેન્ટ (પ્રમાણિત કરીને) આ કચેરીમાં રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી તા.૧૨/૫/૨૦૧૮ થી તા.૧૯/૫/૨૦૧૮ સુધીમાં કામકાજના સમય દરમિયાન મોકલી આપવાના રહેશે.

વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે અમારી ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૨૯૩/૧૮-૧૯